# ડીસા પોલીસે શંકાસ્પદ ઘી ભરેલી રીક્ષા ઝડપી

## ૪૬૦ કિલો ઘીનો જથ્થો સિઝ : શહેરમાં કોરોના વચ્ચે પણ અખાદ્ય ચીજોનો વેપલો ધમધોકાર

બનાસકાંઠા જિલ્લાનું વેપારી મથક ડીસા ડુપ્લીકેટ ઘી અને તેલના કાળા કારોબારને લઈ સમગ્ર રાજ્યમાં કુખ્યાત બની ચૂક્યું છે. જન આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો થાય તેવી અનેક ખાદ્ય ચીજ વસ્તુઓનું પણ ડીસામાં ડુપ્લિકેટિંગ અને ભેળસેળ કરવામાં આવે છે માનવ આરોગ્ય માટે ગંભીર હોવા છતાં પણ તેની દરકાર લીધા વગર માત્ર ને માત્ર રૂપિયા કમાવવાની લાલસામાં લેભાગુ તત્વો બેફામ બન્યા છે જેથી સમગ્ર રાજ્યમાં ડુપ્લિકેટિંગ અને ભેળસેળનું એપી સેન્ટર બની ચુકેલું ડીસા પોતાની ઐતિહાસિક ઓળખ ગુમાવી ચૂક્યું છે ડીસા શહેરની મુખ્ય બજારોની મોટાભાગની દુકાનોમાં ડુપ્લીકેટ ઘી અને તેલ વેચાય છે આ ઉપરાંત બ્રાન્ડેડ કમ્પનીના સ્ટોરમાં પણ આ ડુપ્લીકેટ ઘી અને તેલ વેચાઈ રહ્યું હોવાની અનેક બુમો ઉઠી છે ત્યારે અનેક વાર ફૂડ વિભાગ દ્વારા આવો ડુપ્લિકેટ જથ્થો ઝડપાયો છે અને આવું કારસ્તાન




કરનારા વિરુદ્ધ કાર્યવાહી પણ કરવામાં આવે છે તેમ છતાં આ ડુપ્લિકેટિંગના વ્યવસાયમાં લેશમાત્ર ઓટ આવતી નથી. રહેણાંક મકાનોમાં રાત્રીના સુમારે આવા ઘી અને તેલ બનાવવામાં આવે છે અને દિવસ ઉગતા પહેલા આ તમામ જથ્થો જિલ્લાની સરહદો વટાવી અન્ય રાજ્યમાં પહોંચાડી દેવામાં આવે છે કોઈપણ જાતની રોકટોક કે કાયદા આ ભેળસેળીયા તત્વોને આજદિન સુધી રોકી શક્યા નથી જેને લઈને છાસવારે આવો જથ્થો ઝડપાવવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે ત્યારે ગઈકાલે મંગળવારે ડીસામાં ઉત્તર પોલિસ દ્વારા પસાર થતી એક લોડિંગ રીક્ષાને થોભાવી તપાસ કરતા ગાય છાપ ઘીના ૨૫ કાર્ટૂન મળી આવ્યા હતા તેથી શંકાસ્પદ લાગતો આ તમામ જથ્થો અને રીક્ષા ઝડપી તપાસ અર્થે પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો જ્યાં ફૂડ વિભાગને જાણ કરતા જિલ્લા ફૂડ અધિકારી ડી. જી. ગામીત અને તેમની ટિમ આવી પહોંચી હતી જો કે આ તમામ જથ્થો દિપક જગદીશચંદ્ર કાનૂડવાળાનો હોઈ ગાય છાપ ઘીનો ૪૬૦ કિલો જથ્થો ( કિંમત ૧,૬૦,૦૦૦) નો જપ્ત કરી તેના સેમ્પલ લઈ ચકાસણી અર્થે મોકલી આપ્યા હતા.

આ બાબતે જિલ્લા ફૂડ અધિકારી ડી. જી. ગામીતે જણાવ્યું હતું કે હાલ તો આ તમામ શંકાસ્પદ ગાય છાપ ઘીનો જથ્થો સિઝ કરી તેના સેમ્પલ લઈ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવશે અને તેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ ઉમેર્યું હતું.

# ખેડબ્રહ્મામાં નગરપાલિકાના ભાજપમાં ભુકંપ : ૧૦થી વધુ સદસ્યોના રાજીનામા

## ૧૧ સભ્યોએ સમિતિ પદેથી રાજીનામાં આપ્યા છે તે અંગે ઉચ્ચકક્ષાએ જાણ કરાશે : જલકબેન પટેલ

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા નગરપાલિકામાં મંગળવારના રોજ ભૂકપ સર્જાયો હતો. નગરપાલિકાના ૧૧ સભ્યોએ કારોબારી ચેરમેનના કાર્ય પધ્ધતિ અને વલણ સામે વિરોધ દર્શાવી નગરપાલિકા પ્રમુખને વિવિધ સમિતિઓમથી રાજીનામાં ધરી દઈ આગામી સમયમાં સભ્ય પદેથી રાજીનામની ચીમકી ઉચારી હતી.

ખેડબ્રહ્મા નગરપાલિકામાં ઘણા લાંબા સમયથી અંદરખાને ચાલી આવતો મતભેદનો વિવાદ આખરે બહાર આવ્યો હતો. જે અંગે ૧૧ સભ્યોએ સોમવારના રોજ ખેડબ્રહ્મા શહેર ભાજપ પ્રમુખ અરવિંદભાઈ રાવલને મળી કારોબારી ચેરમેનના વલણ સામે અસંતોષ હોઈ તેમણે દૂર કરવા જાણ કરી હતી અને અલ્ટિમેટમ આપ્યું હતું કે કારોબારી ચેરમેન દૂર કરવામાં આવે નહિતર મંગળવારે બપોરે રાજીનામાં આપી દેવાં આવશે. પંરતુ ભાજપ ધ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં ના આવતા મંગળવાર સાજના ૧૧ સભ્યોએ એકઠા થઈ નગરપાલિકા પ્રમુખ જલકબેન એમ પટેલને ૧૧ સભ્યોએ વિવિદ સમિતિપદેથી રાજીનામાં આપી દીધા હતા. રાજીનામાં સાથે એક કાગળમાં જણાવ્યા અનુસાર ભાજપના મેંડેટ ઉપર ચૂંટાયેલ ૧૦ સભ્યોએ અને ૧ ઉપ પ્રમુખ ધ્વારા કારોબારી ચેરમેન ધર્મેન્દ મહેતાની કાર્ય પદ્ધતી અને સભ્યોના કામ ન થતાં હોવાથી અને શહેરમાં ભ્રષ્ટાચારની બૂમ ઉઠવા પામી હોઈ ભાજપના ચૂંટાયેલ ૧૪ માથી ૧૧ સભ્યોએ વિવિધ સમિતિઓમથી સ્વેછાએ રાજીનામાં આપી દીધા હોવાનું જણાવ્યું હતું.

આ અંગે નગરપાલિકા પ્રમુખ જલકબેન પટેલના જણાવ્યું હતું કે નીયમ અનુસાર તેમણે ૧૧ સભ્યોએ સમિતિ પદેથી રાજીનામાં આપ્યા છે. તે આ અંગે ઉચ્ચકક્ષાએ જાણ કરશે. જેમના વિરૂદ્ધ રાજીનામા આવ્યા છે તે કારોબારી ચેરમેન ધર્મેન્દ્ર મહેતાના જણાવ્યા અનુસાર અમોને આ બાબતે કોઈ જાણ નથી.



સાબરકાંઠા જીલ્લાના હિમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ રજવાડા સમયનો પૌરાણિક મહાકાલી(કુંડ)માતાજીના મંદિરનો ૩૮મો અનમોલ પાટોત્સવ યોજાયો હતો, જેમાં માતાજીને ભવ્ય અન્નકૂટ ભરવામાં આવ્યો હતો તો ભક્તો ધ્વારા મહાનવચંડી હવન કરવામાં આવ્યું હતું અને મંદિરેથી ભવ્ય મહાકાલી માતાજીની શોભાયાત્રા નીકળી હતી જે પોલોગ્રાઉન્ડ વિસ્તારના માર્ગો પર ફરી હતી. જયારે સાંજે મંદિરે મોટી સંખ્યામાં ભક્તોએ પ્રસાદી લીધી હતી.

# “સારૂ કામ મળે તો દેશી દારૂ ગાળવાનું અને વેચાણનું કામ બંધ કરવા તૈયાર”

## મોડાસાના છારાનાગર ગામના પરિવારોના મનની વાત

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના જીવણપુર નજીક આવેલા છારાનગરમાં ગળાતા દેશી



દારૂની ખુશ્બૂ સમગ્ર રાજ્યમાં પ્રસરેલી હોવાથી દેશી દારૂના રસિકોમાં મોટી માંગ રહે છે. છારાનગરમાં દેશી દારૂ ગાળવાનો જાણે ગૃહ ઉદ્યોગ ચાલી રહ્યો હોય તેમ મોટા પ્રમાણમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રો. ડીવાયએસપી ઈશ્વર પરમારે ચાર્જ સાંભળતાની સાથે છારાનગરમાં અને નદીની કોતરમાં ધમધમતી મોટા ભાગની દેશી દારૂની ભઠ્ઠીઓ નાશ કરી દીધી હતી. છારાનગરમાં




મોટે ભાગે મહિલાઓ દેશી દારૂના વ્યવસાય સાથે સંકળાયેલી હોવાની માહિતી મહિલાઓ સંચાલિત અગમ ફાઉન્ડેશનને થતા મહિલાઓ છારાનગરમાં પહોંચી દારૂ ગાળવાની અને વેચાણ સાથે સંકળાયેલ પરિવારની મહિલાઓને મળતા તમામ મહિલાઓએ “સારૂ કામ મળે તો દેશી દારૂ ગાળવાનું અને વેચાણનું કામ બંધ કરવા તૈયાર હોવાની” તેમની મનની વાત કરી હતી.

મોડાસા તાલુકાના છારાનગર ગામે અગમ ફાઉન્ડેશનની મહિલાઓ દ્વારા કાર્યક્રમ તેમજ જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગ્રામજનોને અને મહિલાઓને દારૂબંધીના કડક કાયદા અંગે સમજાવવામાં આવ્યા હતા. મોટા ભાગના પરિવારો દારૂ બનાવવા તેમજ દારૂ ગાળવાના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી પરિવારોને દેશી દારૂનો વ્યવસાય છોડી અન્ય વ્યવસાય તરફ વાળવા માટે અગમ ફાઉન્ડેશન દ્વારા અહીંની મહિલાઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. દેશી દારૂના ધંધાર્થે સંકળાયેલ કેટલાય પરિવારો આવા વ્યવસાયને નવી પેઢીને આપવા નથી માંગતા કારણ કે આનાથી બાળકોમાં યોગ્ય પરવરીશ તેમજ યોગ્ય શિક્ષણ આપી શકતા નથી.

દેશી દારૂ ગાળવાના અને વેચાણ કરતી મહિલાઓએ અગમ ફાઉન્ડેશનની મહિલાઓ સાથે પોતાની આપવીતી સંભળાવતા જણાવ્યું હતું કે તેઓ આ વ્યવસાયને તિલાંજલિ આપવા માંગી રહ્યા છે, જો તેઓને યોગ્ય કામ ઘેર બેઠા મળ શકે. તેઓની પાસે કોઈ જમીન અથવા તો કોઈ એવો રોજગાર નથી કે જેનાથી તેઓ પોતાનું અને પોતાના પરિવારનું આસાનીથી ગુજરાન ચલાવી શકે, માટે મજબૂરીથી તેઓ આવા વ્યવસાય સાથે સંકળાયેલા છે. અગમ ફાઉન્ડેશન દ્વારા ગામમાં મહિલાઓ સહિત પુરૂષોને આ પ્રકારના વ્યવસાયથી દૂર રહીને અન્ય કામ કરવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા.

### દરરોજ ૨૫૦થી ૪૦૦ રૂપિયાની રોજીરોટી મળી રહેતો મહિલાઓ વંશ પરંપરાગત દેશી દારૂનો વેપલો છોડવા તૈયાર

મોડાસા તાલુકાના જીવણપુર નજીક છરાનગર ખાતે રહેતા પરિવારોને આ વ્યવસાય છોડવો છે પરંતુ તેઓને યોગ્ય કામ નથી મળતું. મહિલાઓએ તો ત્યાં સુધી કહ્યું કે જો તેમને ૨૫૦ થી ૪૦૦ રૂપિયાનું કામ મળી રહે તો તેઓ દારૂના વ્યવસાયથી દૂર રહેશે. અહીં કેટલીક વિધવા મહિલાઓ છે અને એક બે પરિવારોમાં માત્ર મહિલાઓ જ કમાણી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. ત્યારે અહીંના ગ્રામજનોને તંત્ર દ્વારા કોઈ મદદ મળે તો દારૂના દૂષણથી તેઓ દૂર રહી શકે તેમ છે.



## ટ્રાફિકને નડતરરૂપ રોડ પર પાર્ક પડેલા વાહનો ડિટેઇન

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં મુખ્ય બજાર તરફ જતા માર્ગ તેમજ ફુવારા સર્કલથી લઈ જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ખાનગી વાહન ચાલકો દ્વારા અવાર નવાર આડેધડ પાર્કિંગ કરી દેવામાં આવતા મુખ્ય માર્ગ સાંકડો બની જાય છે. દિવસ દરમિયાન અવારનવાર ટ્રાફિકજામ થવા સાથે અકસ્માત પણ સર્જાતાં હોય છે. માથાના દુખાવા સમાન બનેલી ટ્રાફિક સમસ્યાના પગલે સોમવારે ઉત્તર પોલીસ મથકના પી.આઈ. જે.વાય. ચૌહાણ, સ્ટાફના પોલીસ જવાનો દ્વારા ટ્રાફિકને લઈ એક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

# અરવલ્લીમાં સરકારના આદેશો ઘોળીને પી ગયા ટ્યુશન સંચાલકો અને મોલ ધારકો

મોડાસા, તા. ૧૭

દેશમાં કોરોના વાયરસનો ઝડપી પસાર થઈ રહયો છે. ત્યારે






વધતા જતાં કોરોના વાયરસના કિસ્સાઓના પગલે ગુજરાત સરકારે મોટો નિર્ણય કર્યો છે. જેમાં ૨૯ માર્ચ સુધી શાળા-કોલેજ, મોલ-થિયેટર બંધ રાખવા સરકાર દ્વારા આદેશ કરાયા છે. ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની અંદાજે ૩૦૦૦ હજારથી વધુ પ્રાથમિક શાળા, માધ્યમિક સ્કૂલ અને શૈક્ષણિક સંકુલ તા.૧૬ માર્ચથી ૨૯ માર્ચ સુધી બે સપ્તાહ માટે બંધ રખાશે. મોડાસા નગરપાલિકા તંત્ર પણ કોરોના વાઈરસને લઈને પગલે સતર્ક બની ૭૫ એકમોને નોટિસ ફટકારી છે. બીજી બાજુ મોડાસા શહેરમાં આવેલ શોપિંગ મોલ અને કેટલાક ટ્યુશન કલાસીસના સંચાલકો રાજ્ય સરકારના આદેશોને ઘોળીને પી જતા ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે. શોપિંગમોલના માલિકોએ એક જ શટર ખુલ્લું રાખી તંત્રને આંખમાં ધૂળ નાખવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

કોરોના વાયરસથી દુનિયાભરમાં અત્યાર સુધીમાં ૧.૯૬ લાખથી વધુ લોકો સંક્રમિત થઈ ચૂકયા છે, જ્યારે ૬૫૦૦થી વધુ લોકો કોરોનના પગલે મોતને ભેટી ચૂકયા છે. ભારતમાં અત્યાર સુધીમાં ૧૧૨ લોકો કોરોના વાઈરસથી સંક્રમિત થઈ ચૂકયા છે અને ૩ લોકોના મોત થયા છે. ગુજરાત સરકારે પણ રાજ્યમાં શોપિંગ મોલ, સ્કૂલ અને કોલેજ ૩૧મી માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. હાલ આરોગ્ય વિભાગ કોરોના વાઈરસને લઈને પણ સતર્ક બન્યું છે ત્યારે અરવલ્લી જીલ્લામાં કેટલાક લોભિયા ટ્યુશન સંચાલકો અને મોલ ધારકો છાનાછપને તેમનો ધંધો ચલાવી બાળકો અને લોકોના સ્વાસ્થ્ય સાથે ખિલવાડ કરી રહ્યા છે.

ડબ્લ્યુ.એચ.ઓ. દ્વારા પેનેડેમીક જાહેર કરેલા નોવેલ કોરોના વાઈરસને લઈને મોડાસા નગરપાલિકાતંત્ર દ્વારા પાલિકાના હદમાં આવેલ કોચિંગ ક્લાસીસ, ટ્યુશન ક્લાસીસ, હોટલ, મોલ સહીત ૭૫ જેટલા એકમોને પણ તકેદારી રાખવા તાકીદ કરવામાં આવી છે અને મોડાસા શહેરમાં આવેલ આવા એકમો પર ૧૫થી વધુ વ્યક્તિઓ એકઠા નહિ થવા દેવા અને જાહેરમાં થુંકવું નહિના આદેશ કરી દીધા છે. બીજીબાજુ મોડાસા શહેરમાં કેટલાક કોચિંગ કલાસીસ, ટ્યુશન કલાસીસ ધમધમી રહ્યા છે, કેટલાક મોલધારકો પણ મૉલનું એક શટર ખુલ્લું રાખી ધંધો કરી રાજ્ય સરકાર અને નગરપાલિકા તંત્રની આંખોમાં ધૂળ નાખી રહ્યા છે. ત્યારે જોવું રહ્યું કે આવા લોભિયા લોકો સામે વહીવટીતંત્ર કોઈ દંડનીય કાર્યવાહી કરશે કે પછી આ આદેશ ફક્તને ફક્ત સ્કૂલ કોલેજ સુધી સીમિત રહેશે જેવા અનેક પ્રશ્નો પેદા થયા છે.

# વડગામના ભરકાવાડામા કચરાપેટીઓ કચરાથી ઉભરાઈ

## સરકારના સ્વચ્છતા અભિયાનના ધજાગરા : સ્થાનિક પંચાયતને ખાલી કરાવા ફુરસદ મળતી નથી : ગામમાં કચરા અને ગંદા પાણીના ભરાવાથી લોકોમાં રોગચાળો ફેલાવાનો ભય

વડગામ, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લામાં આવેલા વડગામ તાલુકાના






ભરકાવાડામા પંચાયતના નાકના ટેરવા આગળ જ કચરા પેટીઓ ભરાઈને કચરો બહાર ફેલાય રહ્યો છતાં સ્થાનિક પંચાયતના સત્તાધીશોને કચરો ઉપાડવાની ફુરસદ મળતી નથી.

સમગ્ર વિશ્વમાં અત્યારે કોરોના વાયરસ છે ભરડો લીધો છે. જેના કારણે ગુજરાત સરકાર તેમજ ઉચ્ચ વહીવટીતંત્ર સાબદુ બન્યુ છે. અને શાળા કોલેજોમાં બંધ રાખીને માત્ર કર્મચારીઓને જ ફરજ ઉપર હાજર રહેવા ફરમાન કરાયું છે. રોગચાળો ન ફેલાય તેવી તકેદારી રાખવામાં આવી રહી છે. ત્યારે ભરકાવાડામા સ્થાનિક પંચાયતના સરપંચ તલાટીના ભોગે ગામમાં રોગચાળો ફાટી નિકળે તેવો ઠેર ઠેર સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. ગ્રામપંચાયતની બાજુમાં જ કચરા પેટીઓ રખાઈ છે. આ કચરા પેટીઓ કચરાઓથી ઉભરાઈ રહી છે. કચરો બહાર ફેલાઈ રહ્યો છે પરંતુ પંચાયતના લાગતા વળગતા સત્તાધીશોને કચરા પેટીઓમાંથી કચરો ઉપડાવાની ફુરસદ જ મળતી નથી. ગામમાં ઠેર-ઠેર કચરાના ઢગ ખડકાયા છે. પંચાયતથી થોડે દૂર જ પાણીનું તળાવ ભરાયું છે. જેના કારણે ગામમાં મચ્છરોનો ઉપદ્રવ વધતાં ગામમાં રોગચાળો ફાટી નિકળે તેવો ભય ગ્રામજનોને સતાવી રહ્યો છે. ગામમા સરકારના સ્વચ્છતા અભિયાન ધજાગરા ઉડી રહ્યા છે. ત્યારે જિલ્લા વિકાસ અધિકારી તેમજ કલેકટર આ ગામની ઓચિંતી મુલાકાત લઈને પંચાયતના સત્તાધીશોને સ્વચ્છતા અભિયાનનું ભાન કરાવે તેવું ગ્રામજનોમાંથી સુર ઉઠવા પામ્યો છે.

## વડગામ પોલીસકર્મીના સસ્પેન્ડ થયા પછી સ્ટાફ પોલીસે ચાર્જ સંભાળ્યો

વડગામ માં ફરજ બજાવતો પોલીસકર્મીનો રૂપિયા ઉઘરાવતો વિડીયો વાયરલ થયા બાદ સસ્પેન્ડ બનાસકાંઠા જિલ્લાના વડગામ પોલીસ સ્ટેશન મા ફરજ બજાવતો પોલીસ કર્મી નરેન્દ્રસિંહ રહેવર ખાનગી વાહનચાલકો પાસેથી ખુલ્લેઆમ રૂપિયા ઉઘરાવતો વિડીયો શોસ્યલ મિડીયામાં વાયરલ થતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો. જિલ્લા પોલીસ વડા દ્વારા આ પોલીસ કર્મીને સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાનું વડગામ પોલીસના સુત્રોએ જણાવ્યું હતું. પોલીસ કર્મીને સસ્પેન્ડ કરાતાં જિલ્લા પોલીસ બેડામાં હલચલ મચી ગઈ છે. વધુમા જણાવ્યું હતું કે આ સસ્પેન્ડ પોલીસ કર્મીની ઉચ્ચ અધિકારીઓ તપાસ કરી રહ્યા છે. વિડીઓ ક્યારનો છે. તે હજુ જાણવા મળ્યું નથી. સસ્પેન્ડ પોલીસ કર્મી નરેન્દ્રસિંહની જગ્યાએ વડગામ ટ્રાફિકમાં હાલમાં અન્ય પોલીસને જવાબદારી આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.